**BED-1**

## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name of The Post** | **Accounts Officer, Class-1, Gujarat Accounts Service** |
| **Advertisement No** | **21/2022-23** |
| **Preliminary Test Held On** | **05-02-2023** |
| **Que. No.** | **001-200** |
| **Publish Date** | **07-02-2023** |
| **Last Date to Send Suggestion (S)** | **15-02-2023** |

## Instructions / સૂચના (Physical Submission)

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) All the suggestion should be submitted in prescribed format of suggestion sheet PHYSICAL Only.

(2) Question wise suggestion to be submitted in the prescribed format (Suggestion Sheet) published on the website.

(3) All suggestions are to be submitted with reference to the Master Question Paper with provisional answer key (Master Question Paper), published herewith on the website. Objections should be sent referring to the Question, Question No. & options of the Master Question Paper.

(4) Suggestions regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(5) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted suggestions are differed.

(6) Objection for each question shall be made on separate sheet. Objection for more than one question in single sheet shall not be considered & treated as Cancelled.

(7) Candidate who is present in the exam entitled to submit the objection/(s).

(8) Candidate should attach copy of his/her OMR (Answer sheet) with objection/(s).

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે વાંધા-સૂચનો નિયત કરવામાં આવેલ વાંધા-સૂચન પત્રકથી (માત્ર Offline માધ્યમથી) રજૂ કરવાના રહેશે.

(2) ઉમેદવારે પ્રશ્નપ્રમાણે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ નિયત વાંધા-સૂચન પત્રકના નમૂનાનો જ ઉપયોગ કરવો.

(3) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર)ના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.

(4) માસ્ટર પ્રશ્નપત્ર માં નિર્દિષ્ટ માત્ર પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચન ધ્યાને લેવામાં આવશે નહી.

(5) ઉમેદવારે જે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચન ધ્યાનમાં લેવાશે નહીં.

(6) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક વાપરવું. એક જ વાંધા-સૂચન પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.

(7) પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવાર જ વાંધા - સુચન રજુ કરી શકશે .

(8) ઉમેદવારે વાંધા-સુચન સાથે પોતાની જવાબવહીની નકલ બિડાણ કરવાની રહેશે.

001. ભારતના રાષ્ટ્રીય કિસાન દિવસ વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. રાષ્ટ્રીય કિસાન દિવસ એ પ્રત્યેક વર્ષે 23મી ડિસેમ્બરે વાર્ષિક રીતે મનાવવામાં આવે છે.

2. રાષ્ટ્રીય કિસાન દિવસ ભૂતપૂર્વ વડાપ્રધાન ચૌધરી ચરણસિંહના જન્મ દિવસ નિમિત્તે ઉજવવામાં આવે છે.

3. પ્રથમ રાષ્ટ્રીય કિસાન દિવસ વર્ષ 2005માં મનાવવામાં આવ્યો હતો.

(A) 1, 2 અને 3 | (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 3 | (D) માત્ર 1 અને 2

002. ભારતીય પુરાતત્ત્વીય સર્વેક્ષણ અનુસાર, ગુજરાતના કયા સ્થળે, UNESCO ના વર્લ્ડ હેરીટેજ સ્થળોની કામચલાઉ યાદીમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે ?

(A) જૂનાગઢનો શિલાલેખ, વડનગર

(B) સ્ટેચ્યૂ ઑફ યુનિટી, જૂનાગઢનો શિલાલેખ

(C) વડનગર અને મોઢેરાનું સૂર્યમંદિર

(D) મોઢેરાનું સૂર્યમંદિર અને અડાલજની વાવ

003. તાજેતરમાં ભારતને "પ્રોજેક્ટ 75" અંતર્ગત તેની 5મી સ્કોર્પિયન ક્લાસ સબમરીન પ્રાપ્ત થઈ છે. તેને .......... નામ આપવામાં આવ્યું છે.

(A) INS વીર | (B) INS વગીર (Vagir)

(C) INS વંશ | (D) INS નક્ષ

004. ભારતીય નૌ સેનાએ 'INS અર્નલા' (INS Arnala) નું પ્રશેપણ કર્યું છે તે ભારતની પ્રથમ .......... છે.

(A) પરમાણુ ફ્રીગેટ (Nuclear Frigate)

(B) પરમાણુ વિરોધી ફ્રિગેટ (Anti Nuclear Frigate)

(C) ઊંડા સમુદ્રની ખાણો દૂર કરનાર (Deep Sea Mines remover)

(D) સબમરીન વિરોધી યુદ્ધ જહાજ (Anti Submarine Warfare Ship)

005. ગ્રામીણ વિસ્તારોમાં કૃષિ પરિવારોના આકારણી સર્વેક્ષણમાં (Situation Assesment Survey), નીચેનામાંથી કયું રાજ્ય કૃષિ પરિવાર દીઠ સરેરાશ માસિક આવકમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું છે ?

(A) મેઘાલય | (B) કર્ણાટક

(C) ગુજરાત | (D) હરિયાણા

006. તાજેતરમાં, સંયુક્ત રાષ્ટ્ર જૈવ વૈવિધ્ય સંમેલન (Bio Diversity Conference) .......... ખાતે યોજાયું હતું.

(A) લીડ, યુ.કે. (Leeds, UK) | (B) બ્રિસ્બેન, ઓસ્ટ્રેલિયા (Brisbane, Australia)

(C) મોન્ટ્રીયલ, કેનેડા (Montreal, Canada) | (D) દોહા, કતાર (Doha, Qatar)

007. વૈજ્ઞાનિક પ્રકાશનોના વૈશ્વિક ક્રમમાં ભારત 7મા સ્થાનેથી .......... મા સ્થાન ઉપર ઊંચે ગયું છે / નીચે ઉતર્યું છે.

(A) 15મા | (B) 3જા

(C) 21મા | (D) 5મા

**001.** **Which of the following statements is/are correct regarding National Farmers' Day of India?**

**1. National Farmers' day is annually observed on 23rd December of every year**

**2. National farmers' day is celebrated on the occasion of birthday of former prime minister Chaudhary Charan Singh**

**3. The first National Kisan Diwas was observed in the year 2005**

**(A) 1, 2 and 3** **(B) 2 and 3 only**

**(C) 1 and 3 only** **(D) 1 and 2 only**

**002.** **According to the Archeological Survey of India, which of the following sites of Gujarat are enlisted in provisional list of UNESCO world heritage sites?**

**(A) Junagadh Rock Inscription, Vadnagar Town**

**(B) Statue of Unity, Junagadh Rock Inscription**

**(C) Vadnagar Town and Modhera Sun temple**

**(D) Modhera Sun temple, and Adalaj Step Well**

**003.** **Recently India has received its 5thscorpene class submarine under "Project 75", it is named as _______.**

**(A) INS Veer** **(B) INS Vagir**

**(C) INS Vansh** **(D) INS Naksh**

**004.** **Indian navy has launched 'INS Arnala', this is India's first _______.**

**(A) Nuclear Frigate**

**(B) Anti Nuclear Frigate**

**(C) Deep Sea Mines remover**

**(D) Anti Submarine warfare ship**

**005.** **In Situation Assessment Survey of Agricultural Households In the Rural Areas, Which of the following states ranked top in Average Monthly Income Per Agricultural Household?**

**(A) Meghalaya** **(B) Karnataka**

**(C) Gujarat** **(D) Haryana**

**006.** **Recently, The United Nations Bio Diversity Conference was held in _______**

**(A) Leeds, UK** **(B) Brisbane, Australia**

**(C) Montreal, Canada** **(D) Doha, Qatar**

**007.** **India has jumped/slipped from 7th position to _______ position in Global rankings in Scientific Publications.**

**(A) 15th** **(B) 3rd**

**(C) 21st** **(D) 5th**

008. તાજેતરમાં ભારતીય અંધજન ક્રિકેટ ટીમે અંધજન માટેનો Twenty-Twenty (T20) વર્લ્ડ કપ 2022 જીત્યો. સતત .......... વખત ભારત આ કપ જીત્યુ છે.

(A) 5મી
(B) 4થી
(C) 3જી
(D) 6ઠ્ઠી

009. ભારત સરકારે 19 થી 25 ડિસેમ્બર 2022 સુધી બીજા સુશાસન અઠવાડીયા અભિયાનની શરૂઆત કરી. આ ઉજવણીનો મુખ્ય વિચાર (Theme) .......... છે.

(A) પ્રશાસન ગાંવ કી ઓર
(B) પ્રશાસન સમાજ કી ઓર
(C) પ્રશાસન હર એક ઈન્સાન કી ઓર
(D) પ્રશાસન સબ કે સાથ

010. ભારતીય નૌકાદળનું જહાજ મારમુગાઓ (Marmugao) એક સ્ટીલ્થ ગાઈડેડ ડીસ્ટ્રોયર (સ્ટીલ્થ માર્દર્શિત મિસાઈલ લડાયક જહાજ) .......... સાથે જોડાયેલું લડાયક જહાજ છે.

(A) બરોડા ક્લાસ
(B) ગોવા ક્લાસ
(C) કોચીન ક્લાસ
(D) વિશાખાપટનમ ક્લાસ

011. "Federation Internationale de Football Association" (FIFA) વર્લ્ડકપ વિશે કયું વિધાન સત્ય છે ?

1. Leonel Messi "પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ" (Player of the Tournament) તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. અને ગોલ્ડન બોલ (Golden Ball) એવોર્ડ જીત્યો હતો.
2. મોરક્કો, FIFA વર્લ્ડ કપના સેમી ફાઈનલ સુધી પહોંચનારો આફ્રિકાનો સૌ પ્રથમ દેશ બન્યો.
3. આ વર્લ્ડ કપમાં Emiliano Martinez એ ગોલ્ડન ગ્લોવ એવોર્ડ જીત્યો.

(A) 1, 2 અને 3
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) માત્ર 1 અને 2

012. ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA) અનુસાર, વર્ષ .......... સુધીમાં ભારતમાં કોલસાનું ઉત્પાદન એક બિલિયન ટનને વટાવી જશે.

(A) 2023
(B) 2024
(C) 2025
(D) 2026

013. 6ઠ્ઠી ઈન્ડો-કઝાકસ્તાન સંયુક્ત લશ્કરી તાલીમ કવાયત KAZIND - 22 .......... રાજ્યમાં શરૂ થઈ.

(A) આસામ
(B) મેઘાલય
(C) પશ્ચિમ બંગાળ
(D) પંજાબ

014. રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે તેની મેઈડ ફોર ઈન્ડીયા ફાસ્ટ મુવીંગ કન્ઝ્યુમર ગુડ્ઝ (ઝડપી ગતિશીલ ગ્રાહક સામાન) .......... બ્રાન્ડ નેમ અંતર્ગત શરૂ કરી.

(A) ઈન્ડીપેન્ડન્સ (Independence)
(B) રીપબ્લીક (Repbulic)
(C) ઈન્ડીક (Indic)
(D) હેરિટેજ (Heritage)

015. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા તેના સ્ત્રીઓના દરજ્જા વિશેનું સંયુક્ત રાષ્ટ્ર આયોગ (United Nations Commission on the Status of Women) (UNCSW) માંથી કયા દેશને હટાવી દેવામાં આવ્યો છે ?

(A) સાઉદી અરેબિયા
(B) ઈરાન
(C) સોમાલીયા
(D) યેમેન

**008.** **Recently, Indian Blind Cricket Team won the Twenty-Twenty (T20) World Cup for the Blind 2022. This is _______ consecutive time India won this cup.**

**(A) 5th** **(B) 4th**

**(C) 3rd** **(D) 6th**

**009.** **Government of India has launched the 2nd Good Governance Week from 19th to 25th December 2022, the theme of this celebrations are _______.**

**(A) Prashasan Gaon Ki Aur** **(B) Prashasan Samaj Ki Aur**

**(C) Prashasan Har EakInsan Ki Aur** **(D) Prashasan Sab KeSaath**

**010.** **Indian Naval Ship Marmugao is a Stealth Guided Missile Destroyer belongs to _______ class destroyer.**

**(A) Baroda Class** **(B) Goa Class**

**(C) Cochin Class** **(D) Vishakapatnam Class**

**011.** **Which of the following statements is correct regarding the *Federation Internationale de Football Association*" (FIFA) world cup?**

**1. Leonel Messi was named as player of the tournament and won the Golden Ball award**

**2. Morocco became the first African Country to reach the FIFA world Cup Semi Final**

**3. Emiliano Martinez has won the Golden Glove Award in this world cup**

**(A) 1, 2 and 3** **(B) 2 and 3 only**

**(C) 1 and 3 only** **(D) 1 and 2 only**

**012.** **According to the International Energy Agency (IEA), India's coal production will exceed a Billion Tonnes by year _______.**

**(A) 2023** **(B) 2024**

**(C) 2025** **(D) 2026**

**013.** **6th Indo-Kazakhstan Joint military training exercise KAZIND-22 was started in the state ______.**

**(A) Assam** **(B) Meghalaya**

**(C) West Bengal** **(D) Punjab**

**014.** **Reliance Industries has launched its made for India, Fast Moving Consumer Goods under the brand name of _______.**

**(A) Independence** **(B) Republic**

**(C) Indic** **(D) Heritage**

**015.** **Which of the following countries was removed by the United Nations from it's United Nations Commission on The Status of Women (UNSCW)?**

**(A) Saudi Arabia** **(B) Iran**

**(C) Somalia** **(D) Yemen**

016. આંતરરાષ્ટ્રીય મજદૂર સંસ્થાના વૈશ્વિક વેતન અહેવાલ 2022-2023 (Global Wage Report, 2022-2023) અનુસાર, વૈશ્વિક માસિક વેતન ઘટીને .......... થયું.

(A) 0.5% (B) 0.9%

(C) –1% (D) 1%

017. ગામોચા (Gamocha) એ .......... રાજ્યનો હાથવણાટનો ટુવાલ છે જેને તાજેતરમાં GI ટેગ પ્રાપ્ત થયો છે.

(A) આંધ્રપ્રદેશ (B) મધ્યપ્રદેશ

(C) આસામ (D) જમ્મુ અને કાશ્મીર

018. પરંપરાગત દવા માટે વિશ્વ આરોગ્ય સંસ્થા વૈશ્વિક કેન્દ્ર (The World Health Organization Global Centre for Traditional Medicine)ની સ્થાપના .......... ખાતે કરવામાં આવી.

(A) જૂનાગઢ (B) ભાવનગર

(C) કચ્છ (D) જામનગર

019. વિશ્વ હવામાન સંસ્થા (World Meteriological Organization) (WMO)એ તેના પ્રથમ અહેવાલ "વૈશ્વિક જલ સંસાધન અવસ્થા અહેવાલ 2021" (State of Global Water Resources Report 2021) પ્રકાશિત કર્યો છે, જે .......... ક્ષેત્રો પર કેન્દ્રીત છે.

1. વહેણનો પ્રવાહ (Stream Flow)
2. પાર્થિવ જળસંગ્રહ (Terrestrial Water Storage)
3. ઠરી ગયેલું પાણી (Frozen Water)
4. પીવાનું પાણી (Drinking Water)
5. બિનક્ષારીકરણ (Desalinization)

(A) માત્ર 1, 2, 3 અને 4 (B) માત્ર 2, 3, 4 અને 5

(C) માત્ર 1, 2 અને 3 (D) માત્ર 1, 4 અને 5

020. ભારતીય ઓલિમ્પિક સંગઠનના પ્રથમ મહિલા પ્રમુખ તરીકે પી. ટી. ઉષા ચૂંટાયા છે. નીચેના પૈકી કોણ તેના ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા છે ?

(A) ગીત સેઠી (B) ગગન નારંગ

(C) મીરાબાઈ ચાનુ (D) અંજલી ભગત

021. આંતરરાષ્ટ્રીય ડાયાબીટીસ ફેડરેશન દ્વારા નીચેના પૈકી કયા વડાપ્રધાનનું નામ મધુપ્રમેહના બ્રાન્ડ એમ્બેસેડર (વેપારચિહ્ન રાજદૂત) તરીકે આપવામાં આવ્યું છે ?

(A) રાનીલ વિક્રમસિંઘે, શ્રીલંકા (B) શેખ હસીના, બાંગ્લાદેશ

(C) રીશી સુનક, UK (D) રોમો કેપીલા, ઈટાલી

022. વિશ્વ આરોગ્ય સંસ્થા અનુસાર, 5 થી 14 વર્ષની વયજૂથના બાળકોમાં .......... મૃત્યુ થવા પાછળનું બીજા ક્રમનું અગ્રણી કારણ છે.

(A) ઘરેલુ હિંસા (B) બાળ મજુરી

(C) જાતીય શોષણ (D) રોડ ટ્રાફીક ઈજાઓ

**016.** **According to the International Labour Organization's Global Wage Report 2022-2023, the global monthly wages were fell down to _______.**

**(A) 0.5%** **(B) 0.9%**

**(C) –1%** **(D) 1%**

**017.** **Gamocha is hand woven towel of _______ state received GI tag recently?**

**(A) Andhra Pradesh** **(B) Madhya Pradesh**

**(C) Assam** **(D) Jammu and Kashmir**

**018.** **The World Health Organization Global Centre for Traditional Medicine was established in _______.**

**(A) Junagadh** **(B) Bhavnagar**

**(C) Kutchch** **(D) Jamnagar**

**019.** **The World Meteorological Organization (WMO) has published its first report "State Of Global Water Resources Report 2021", which is focused on _______ areas.**

**1. Stream Flow**

**2. Terrestrial Water Storage**

**3. Frozen Water**

**4. Drinking Water**

**5. Desalinization**

**(A) 1, 2, 3 and 4 only** **(B) 2, 3, 4 and 5 only**

**(C) 1, 2 and 3 only** **(D) 1, 4 and 5 only**

**020.** **PT Usha has elected first women president of Indian Olympic Association, who among the following elected as vice president for the same?**

**(A) Geeth Sethi** **(B) Gagan Narang**

**(C) Meerabai Chanu** **(D) Anjali Bhagat**

**021.** **Who among the following Prime Ministers is named as Brand Ambassador for Diabetes by the International Diabetes Federation?**

**(A) Ranil Vikramasinghe, Sri Lanka** **(B) Sheikh Hasina, Bangladesh**

**(C) Rishi Sunak, UK** **(D) Romo Capilla, Italy**

**022.** **According to the World Health Organization, _______ is the $2^{nd}$ leading cause of death among the children aged 5-14 years.**

**(A) Domestic Violence** **(B) Child Labour**

**(C) Sexual Abuse** **(D) Road traffic Injuries**

023. ભારતના રજીસ્ટ્રાર જનરલ અને સેન્સસ કમિશ્નર (ભારતના મહારજીસ્ટ્રાર અને વસ્તી ગણતરી આયુક્ત) અનુસાર, ભારતમાં માતૃત્વ મૃત્યુનું પ્રમાણ 2014-16માં પ્રતિ લાખ જીવંત જન્મે 130 હતું, જે 2018-20માં ઘટીને .......... થયું છે.

(A) 97
(B) 84
(C) 73
(D) 88

024. વિશ્વ AIDS દિવસ વિશે નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો સત્ય છે ?

(A) વિશ્વ AIDS દિવસ વર્ષ 2001થી ઉજવવામાં આવે છે.

(B) આ વર્ષના AIDS દિવસનો મુખ્ય વિચાર (Theme) 'Equalize' હતો.

(C) (A) તથા (B) બંને

(D) (A) અથવા (B) એક પણ નહીં

025. ''શાંઘાઈ કોર્પોરેશન ઓર્ગેનાઈઝેશન''નું વર્તમાન અધ્યક્ષ .......... છે.

(A) ચીન
(B) ભારત
(C) બ્રાઝિલ
(D) UAE

026. ભારતમાં આયોજન વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો યોગ્ય રીતે જોડાયેલા છે ?

1. વિસવેશ્વરૈયા યોજના – પ્લાન્ડ ઈકોનોમી ઓફ ઈન્ડિયામાં પ્રકાશિત થઈ.

2. કોંગ્રેસ યોજના – જેએલ નહેરૂની અધ્યક્ષતાવાળી ટીમ દ્વારા તેની યોજના કરવામાં આવી હતી.

3. બોમ્બે યોજના – આઠ મુડીવાદીઓ દ્વારા તૈયાર કરવામાં આવી હતી.

4. સર્વોદય યોજના – જયપ્રકાશ નારાયણ

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 2 અને 4
(C) માત્ર 1, 3 અને 4
(D) માત્ર 1, 2 અને 4

027. ભારતમાં યોજનાઓ વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. ત્રણ ક્રમિક વાર્ષિક યોજનાઓનો સમયગાળો 1966-1969નો હતો.

2. ચોથી યોજના ગાડગીલ વ્યૂહરચના પર આધારિત આત્મનિર્ભરતા પર કેન્દ્રિત કરેલી હતી.

3. પાંચમી પંચવર્ષીય યોજના દરમ્યાન કટોકટી લાદવામાં આવી હતી.

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) 1, 2 અને 3

028. ફુગાવાની અસરો વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(A) ફુગાવા દરમ્યાન ધીરાણકર્તાઓ (tenders) ને તકલીફ અનુભવાય છે અને લેણદારોને (borrowers) ફુગાવાથી ફાયદો થાય છે.

(B) ફુગાવા દરમ્યાન રોકાણ વધશે.

(C) (A) તથા (B) બંને

(D) (A) અથવા (B) એક પણ નહીં

**023.** **As per the Registrar General and Census Commissioner of India, Maternal Mortality ratio is declined from 130 per lakh live births in 2014-2016 to _______ in 2018-2020.**

**(A) 97** **(B) 84**

**(C) 73** **(D) 88**

**024.** **Which of the following statements is/are correct regarding World AIDS Day?**

**(A) The World AIDS day is celebrating since 2001**

**(B) This year AIDS day theme was "Equalize"**

**(C) Both (A) and (B)**

**(D) Neither (A) nor (B)**

**025.** **The Present Chairman of the "Shanghai Cooperation Orgnization" is _______.**

**(A) China** **(B) India**

**(C) Brazil** **(D) UAE**

**026.** **Which of the following pairs is/are correctly matched regarding planning in India?**

**1. Visveshvaraya Plan – published in Planned Economy of India**

**2. The Congress Plan – Designed by the team headed by the JL Nehru**

**3. Bombay Plan – developed by the Eight capitalists**

**4. Sarvodaya Plan – Jaiprakash Narayanan**

**(A) 1, 2, 3 and 4** **(B) 2 and 4 only**

**(C) 1, 3 and 4 only** **(D) 1, 2 and 4 only**

**027.** **Which of the following statements is/are correct regarding the Plans in India?**

**1. The period of the three consecutive annual plans was 1966-1969**

**2. The fourth plan was based on the Gadgil Strategy with focus on self reliance**

**3. Emergency was imposed during the fifth five year plan**

**(A) 1 and 2 only** **(B) 2 and 3 only**

**(C) 1 and 3 only** **(D) 1, 2 and 3**

**028.** **Which of the following statements is/are correct regarding the effects of Inflation?**

**(A) During the inflation lenders suffer and borrowers benefit out of inflation**

**(B) During the inflation, Investments will increase**

**(C) Both (A) and (B)**

**(D) Neither (A) nor (B)**

029. રાષ્ટ્રીય આવકની ગણતરીમાં નીચેના પૈકી કઈ પધ્ધતિનો ઉપયોગ થતો નથી ?

(A) ઉત્પાદન પધ્ધતિ (Product Method)
(B) આવક પધ્ધતિ (Income Method)
(C) ખર્ચ પધ્ધતિ (Expenditure Method)
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

030. મલ્ટી ડાઈમેન્શનલ પોવર્ટી ઈન્ડેક્ષ (MPI) (બહુ પરિમાણીય ગરીબી સૂચકાંક) વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. શાળાકીય વર્ષો, શાળામાં હાજરી, એ MPIના શિક્ષણ પરિમાણના સૂચક છે.
2. વીજળી, સ્વચ્છતા, આવાસ એ MPIના જીવનધોરણ પરિમાણના સૂચક છે.
3. MPIની ગણતરીમાં ત્રણ પરિમાણના તમામ સૂચકાંકો એક સમાન ભારાંક ધરાવે છે.

(A) માત્ર 1 અને 3
(B) માત્ર 1 અને 2
(C) માત્ર 2 અને 3
(D) 1, 2 અને 3

031. નીચે આપેલા માહિતીના આધારે રોજગારીનો પ્રકાર ઓળખો.

1. બજારની સ્થિતિમાં પરિવર્તનને કારણે આ પ્રકારની બેરોજગારી પેદા થાય છે.
2. કેટલાક કામદારો હડતાલ, કંપની દ્વારા છટણી જેવા કારણોસર કામચલાઉ ધોરણે બેકાર બને છે.

(A) છૂપી બેરોજગારી (Disguised Unemployment)
(B) માળકાગત બેરોજગારી (Structural Unemployment)
(C) ચક્રીય બેરોજગારી (Cyclical Unemployment)
(D) અસ્થાયી બેરોજગારી (Frictional Unemployment)

032. કરવેરા વિશે નીચેના પૈકી કયા વિધાનો સત્ય છે ?

1. પ્રત્યક્ષ કર જે વ્યક્તિ પર લાદવામાં આવે છે તે જ વ્યક્તિ પાસેથી એકત્રિત કરવામાં આવે છે.
2. પરોક્ષ કર એક વ્યક્તિ પર લાદવામાં આવે છે અને અન્ય વ્યક્તિ પાસેથી એકત્રિત કરવામાં આવે છે.
3. પ્રત્યક્ષ કર ફુગાવો ઘટાડવામાં મદદરૂપ થાય છે.
4. GST, રાજ્ય ઉત્પાદન શુલ્ક અને સીમા શુલ્ક પરોક્ષ કરવેરાના ઉદાહરણો છે.

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 2, 3 અને 4
(C) માત્ર 1, 2 અને 3
(D) માત્ર 1 અને 4

033. નીચેના પૈકી કયા પગલાં રાજકોષીય ખાધને અંકુશમાં રાખશે ?

1. સબસીડીનું વ્યાવહારીકરણ (rationalisation)
2. મહેસૂલી ખર્ચમાં ઘટાડો
3. અર્થતંત્રમાં કરવેરાનો આધાર ઘટાડવો.
4. કરવેરાની ચોરી નિયંત્રીત કરવી.

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 2, 3 અને 4
(C) માત્ર 1, 2 અને 3
(D) માત્ર 1, 2 અને 4

029. Which of the following methods are not used to compute national Income?

(A) Product Method
(B) Income Method
(C) Expenditure Method
(D) None of the above

030. Which of the following statements is/are correct regarding the Multi Dimensional Poverty Index (MPI)?

1. Years of Schooling, School Attendance are the indicators of Education dimension of MPI

2. Electricity, Sanitation, Housing are the indicators of Standard of Living dimension of MPI

3. All indicators of three dimensions have equal weight in calculating the MPI

(A) 1 and 3 only
(B) 1 and 2 only
(C) 2 and 3 only
(D) 1, 2 and 3

031. Identify the type of unemployment with the help of following information

1. This unemployment is generated due to change in market conditions

2. Some workers are temporarily out of work due to reasons such as strikes, layoffs by the company

(A) Disguised unemployment

(B) Structural unemployment

(C) Cyclical unemployment

(D) Frictional unemployment

032. Which of the following statements is correct regarding taxation?

1. Direct tax is levied on and collected from the same person

2. Indirect Tax is levied on one person and collected from another person

3. Direct tax may help in reducing the inflation

4. GST, State Excise duty and custom duty are the examples of Direct taxes

(A) 1, 2, 3 and 4
(B) 2, 3 and 4 only
(C) 1, 2 and 3 only
(D) 1 and 4 only

033. Which of the following measures will check the Fiscal Deficit?

1. Rationalization of Subsidies

2. Reduction in revenue expenditure

3. Decreasing the tax base in the economy

4. Checking the tax evasion

(A) 1, 2, 3 and 4
(B) 2, 3 and 4 only
(C) 1, 2 and 3 only
(D) 1, 2 and 4 only

034. 15મા નાણાં આયોગની ભલામણો વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. 15મા નાણાં આયોગે ભલામણ કરી કે 2020-21માં કેન્દ્રીય કરવેરાનો 41% હિસ્સો રાજ્યોને ફાળવવો.

2. 15મા નાણાં આયોગે 2011ની વસ્તી ગણતરીની માહિતીનો ઉપયોગ કર્યો.

3. નાણાં આયોગ દ્વારા નવા માપદંડ 'વસ્તીવિષયક કામગીરી'નો ઉપયોગ કરવામાં આવ્યો.

(A) માત્ર 1, 2 અને 3
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) માત્ર 1 અને 2

035. અર્થતંત્રમાં ધીરાણ નિયંત્રણ માટે નીચેના પૈકી કયા માત્રાત્મક (quantitative) સાધનોનો ઉપયોગ થતો નથી ?

(A) બેંક દર (Bank rate)

(B) ખુલ્લા બજારની કામગીરીઓ (Open Market Operations)

(C) અનામત જરૂરીયાતો (Reserve reuirements)

(D) નૈતિક દબાવ (Moral Suasion)

036. ધીરાણ નિયંત્રણના માધ્યમ તરીકે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(A) ફુગાવાને ઘટાડવા માટે RBI કેશ રીઝર્વ રેશીયો (રોકડ અનામત ગુણોત્તર) વધારશે.

(B) આર્થિક વૃધ્ધિ વધારવા માટે RBI રેપોરેટમાં ઘટાડો કરશે.

(C) (A) તથા (B) બંને

(D) (A) અથવા (B) એક પણ નહીં

037. નીચેના પૈકી કઈ બેંક ભારતમાં અનુસૂચિત વાણિજ્યિક બેંકનો પ્રકાર નથી ?

(A) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા
(B) ભારતીય ખાનગી બેંકો
(C) ખાનગી ક્ષેત્રની વિદેશી બેંકો
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

038. NABARD વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. NABARD પ્રાદેશિક ગ્રામીણ બેંકોની નિરીક્ષણની કાર્યવાહી કરે છે.

2. NABARD નું પુનર્ધિરાણ એ રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક માટે ઉપલબ્ધ છે.

3. NABARDમાં, ભારત સરકારનો 51% હિસ્સો છે. જ્યારે ખાનગી કંપનીઓનો 49% હિસ્સો છે.

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) 1, 2 અને 3

034. Which of the following statements is/are correct regarding the recommendations of 15th Finance Commission?

1. 15th finance commission recommended that 41% of the union taxes to be shared with the sates in 2020-21

2. The 15th Finance commission has used the data of 2011 census

3. A new criterion "Demographic Performance" was used by the finance commission

(A) 1, 2 and 3
(B) 2 and 3 only
(C) 1 and 3 only
(D) 1 and 2 only

035. Which of the following are NOT the quantitative instruments used for credit control in the economy?

(A) Bank rate

(B) Open market operations

(C) Reserve requirements

(D) Moral Suasion

036. Which of the following statements is/are correct regarding the instruments of credit control?

(A) To reduce the inflation, RBI will increase the Cash Reserve Ratio

(B) To Increase Economic Growth, RBI will decrease the Repo Rate

(C) Both (A) and (B)

(D) Neither (A) nor (B)

037. Which of the following is NOT a type of Scheduled Commercial Banks in India?

(A) State Bank of India
(B) Indian Private Banks
(C) Private Sector Foreign banks
(D) None of the above

038. Which of the following statements is/are correct regarding NABARD?

1. NABARD supervises the Regional Rural Banks

2. NABARD's refinance is available to state cooperative Agriculture and Rural Development Banks

3. In NABARD, Government of India is having 51% share, 49% by the private players

(A) 1 and 2 only
(B) 2 and 3 only
(C) 1 and 3 only
(D) 1, 2 and 3

039. Basel-III માપ દંડો વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. RBI અનુસાર, Basel-III માપ દંડો એ માત્ર અનુસૂચિત બેંકો દ્વારા પરિપૂર્ણ કરવા આવશ્યક છે.

2. બેંકોએ Tier-I મૂડી ગુણોત્તર વધારી અને 4.5% જાળવી રાખવા આવશ્યક છે.

3. Basel-III માપ દંડો એ જાન્યુઆરી 2013 થી તબક્કાવાર રીતે લાગુ કરેલા છે.

(A) 1, 2 અને 3
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) માત્ર 1 અને 2

040. ટ્રેઝરી બિલો (તિજોરી વિધેયકો) વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. આવા બિલોને જોખમ મુક્ત અને અત્યંત તરલ (રોકડ) ગણવામાં આવે છે.

2. T-બિલના ખરીદારોમાં RBI પોતે, વાણિજ્યિક બેંકો, NBFCs, LIC વગેરેનો સમાવેશ થાય છે.

3. T-બિલ ત્રણ પ્રકારના હોય છે. 91 દિવસ, 182 દિવસ, 364 દિવસના T-બિલો

(A) 1, 2 અને 3
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) માત્ર 1 અને 2

041. નાણાં બજાર (Money Market) અને મૂડી બજાર (Capital Market) વચ્ચેના તફાવત વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. નાણાં બજાર ટૂંકાગાળાના ભંડોળ સાથે વ્યવહાર કરે છે જ્યારે મૂડી બજાર લાંબા ગાળાના ભંડોળ સાથે વ્યવહાર કરે છે.

2. નાણાં બજાર RBI દ્વારા નિયંત્રીત થાય છે જ્યારે મૂડી બજાર મૂડી બજાર દ્વારા નિયંત્રિત થાય છે.

3. T-બીલ, વ્યાપારી હુંડી નાણાં બજારના સાધનો છે. ઈક્વીટી શેર, પ્રેફરન્સ શેર મૂડી બજારના સાધનો છે.

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) 1, 2 અને 3

042. સોઈલ હેલ્થ કાર્ડ સ્કીમ (Soil Health Card Scheme) વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય નથી ?

(A) આ યોજના વર્ષ 2015માં અમલમાં મૂકવામાં આવી હતી.

(B) આ કાર્ડમાં જે તે માટીના પોષક તત્ત્વો અંગેની માહિતી હોય છે.

(C) માટીના પોષક તત્ત્વોની સ્થિતિ માટે, ખેડૂતને આપવામાં આવેલા કાર્ડમાં 25 પરિમાણોની વિગતોનો ઉલ્લેખ કરવામાં આવે છે.

(D) ઉપરોક્ત તમામ

043. પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY) વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(A) PMFBY એ હાલની રાષ્ટ્રીય કૃષિ યોજનાના સ્થાને આવી છે.

(B) તે એક રાષ્ટ્ર, એક યોજનાના સિધ્ધાંત ઉપર આધારિત છે.

(C) PMFBY અંતર્ગત ખેડૂતો દ્વારા ચૂકવવામાં આવતા પ્રીમીયમની રકમ વીમાની રકમના 2 પ્રતિશત થાય છે.

(D) ઉપોક્ત તમામ

**039.** **Which of the following statements is/are correct regarding Basel-III norms?**

**1. As per the RBI, the Basel -III norms need to be fulfilled by only scheduled banks not for non scheduled banks**

**2. Banks are required to increase and maintain the tier-I capital ratio of 4.5%**

**3. Basel-III norms came into effect 1st January 2013 in a phased manner.**

**(A) 1, 2 and 3** **(B) 2 and 3 only**

**(C) 1 and 3 only** **(D) 1 and 2 only**

**040.** **Which of the following statements is/are correct regarding Treasury Bills?**

**1. These bills are considered as risk free and highly liquid**

**2. Buyers of T-Bills include RBI itself, Commercial banks, NBFCs, LIC etc**

**3. There are three different types of T Bills i.e 91 day, 182 day, 364 days T-Bills.**

**(A) 1, 2 and 3** **(B) 2 and 3 only**

**(C) 1 and 3 only** **(D) 1 and 2 only**

**041.** **Which of the following statements is/are correct regarding the difference between Money Market and Capital Market?**

**1. Money market deals with the short term funds, whereas capital market deals with long term funds**

**2. Money market is regulated by the RBI, where as capital market is regulated by the Capital Market**

**3. T Bills, Commercial papers are the instruments in Money market, Equity shares, preference shares are the instruments in Capital market**

**(A) 1 and 2 only** **(B) 2 and 3 only**

**(C) 1 and 3 only** **(D) 1, 2 and 3**

**042.** **Which of the following is INCORRECT regarding Soil Health Card Scheme?**

**(A) This scheme was launched in the year 2015**

**(B) This card have the information of nutrients of that soil**

**(C) For soil nutrient status, details on 25 parameters are mentioned in the card given to farmer**

**(D) All of the above**

**043.** **Which of the following statements is/are correct regarding the Pradhan Mantri Fasal bhima Yojana (PMFBY)?**

**(A) This PMFBY has replaced the existing National Agricultural Insurance Scheme**

**(B) It is based on the principle of One Nation One Scheme**

**(C) Amount of premium paid by the farmers under PMFBY is 2 percent of sum insured**

**(D) All of the above**

044. નીચેના પૈકી કયો ઉદ્યોગ આઠ મુખ્ય ઉદ્યોગોમાં સૌથી વધુ મહત્ત્વ ધરાવે છે ?

(A) રીફાઈનરી ઉત્પાદનો
(B) સ્ટીલ (પોલાદ)
(C) કોલસો
(D) સિમેન્ટ

045. ભારતીય જીવન વીમા નિગમ વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(A) જીવન વીમા નિગમ 1956માં અધિનિયમ દ્વારા સ્થાપવામાં આવ્યું છે.

(B) સરકાર દ્વારા કેન્દ્રીય બજેટ 2020-21માં LICમાં વિનિવેશ (disinvestment)ની જાહેરાત કરવામાં આવી હતી.

(C) (A) તથા (B) બંને

(D) (A) અથવા (B) એક પણ નહીં

046. ચૂકવણા સંતુલન વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(A) મૂડી ખાતામાં બેંક સંતુલન વિદેશી રોકાણો, લોન તથા બેંકીંગ મૂડીનો સમાવેશ કરે છે.

(B) વિદેશી મૂડી રોકાણમાં માત્ર સીધા વિદેશી રોકાણોનો સમાવેશ થાય છે. પોર્ટફોલીયો રોકાણ નહીં

(C) (A) તથા (B) બંને

(D) (A) અથવા (B) એક પણ નહીં

047. રૂપિયાની રૂપાંતર ક્ષમતા (convertibility) એ .......... સૂચિત કરે છે.

(A) ચલણી નોટોને સોનામાં રૂપાંતરિત કરવામાં સક્ષમતા.

(B) બજાર પરિબળો દ્વારા રૂપિયાનું મૂલ્ય નક્કી કરવાની મંજૂરી આપે છે.

(C) રૂપિયોન અન્ય ચલણમાં રૂપાંતરિત કરવાની છૂટ અને તેનાથી વિપરિત (અન્ય ચલણને રૂપિયામાં રૂપાંતરિત કરવાની છૂટ)

(D) ભારતમાં ચલણ માટે આંતરરાષ્ટ્રીય બજાર વિકસાવવું

048. વૈશ્વિક નાણાંકીય સ્થિરતા અહેવાલ (Global Financial Stability Report) .......... દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો છે.

(A) IMF
(B) UNCTAD
(C) વર્લ્ડ બેંક
(D) ઈન્ટરનેશનલ ઈકોનોમીક ફોરમ

049. વસ્તી વિષયક લાભાંશ (Demographic Dividend)નો ફાયદો મેળવવા માટે નીચેના પૈકી કયું કાર્ય શ્રેષ્ઠ છે ?

(A) કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવું.

(B) વધુ સામાજીક સુરક્ષા યોજનાઓનું અમલીકરણ કરવું.

(C) વિદેશોમાં વધુ સ્થળાંતરને પ્રોત્સાહિત કરવું.

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં.

050. ભારતમાં સેવા કર .......... ની ભલામણોથી દાખલ કરવામાં આવ્યો.

(A) કેળકર સમિતિ
(B) રાજા જે. ચેલૈયા સમિતિ
(C) ડૉ. મનમોહન સિંઘ સમિતિ
(D) ડૉ. યશવંત સિંહા સમિતિ

**044. Which of the following industry have highest weightage in the eight core industries?**

**(A) Refinery Products** | **(B) Steel**

**(C) Coal** | **(D) Cement**

**045. Which of the following statements is/are correct regarding the Life Insurance Corporation of India?**

**(A) The Life Insurance Corporation was established by the enactment in 1956**

**(B) The Disinvestment in LIC was announced by the government in the Union Budget 2020-21**

**(C) Both (A) and (B)**

**(D) Neither (A) nor (B)**

**046. Which of the following statements is/are correct regarding the Balance of Payments?**

**(A) Balance in Capital Account is consists of Foreign investments, Loans, and Banking capital**

**(B) Foreign Investments consists of Foreign Direct Investments only not the portfolio investment**

**(C) Both (A) and (B)**

**(D) Neither (A) nor (B)**

**047. Convertibility of Rupee implies _______.**

**(A) Being able to convert rupee notes into gold**

**(B) Allowing the value of rupee to be fixed by market forces**

**(C) Freely permitting the conversion of rupee to other currencies and vice versa**

**(D) Developing an international market for currencies in India**

**048. Global Financial Stability Report is published by the _______.**

**(A) IMF** | **(B) UNCTAD**

**(C) World Bank** | **(D) International Economic Forum**

**049. Which of the following is the best action to get benefits of Demographic Dividend?**

**(A) Promoting Skill Development**

**(B) Implementation of more Social Security Schemes**

**(C) Encourage more migration to the foreign countries**

**(D) None of the above**

**050. Service Tax was introduced in India on the recommendations of _______.**

**(A) Kelkar Committee** | **(B) Raja J. Chelliah Committee**

**(C) Dr. Man Mohan Singh Committee** | **(D) Dr.Yashwant Sinha Committee**

051. ભારત સરકાર અધિનિયમ 1935 (Government of India Act of 1935) વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(A) આ અધિનિયમે પ્રાંતોમાં દ્વિશાસન પ્રથા નાબૂદ કરી અને પ્રાંતીય સ્વાયત્તતા દાખલ કરી.

(B) આ અધિનિયમ કેન્દ્રમાં દ્વિશાસન પ્રથા અપનાવવાની જોગવાઈ પૂરી પાડે છે.

(C) (A) તથા (B) બંને

(D) (A) અથવા (B) એક પણ નહીં

052. નીચેના પૈકી કોણ સ્વંતત્ર ભારતના પ્રથમ મંત્રી મંડળમાં સદસ્ય ન હતા ?

(A) ડૉ. બી. આર. આંબેડકર
(B) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
(C) ડૉ. સૂચેતા ક્રિપલાણી
(D) ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી

053. બંધારણ સભાએ બંધારણની રચના ઉપરાંત નીચેના પૈકી કયું કાર્ય / કયા કાર્યો પણ કર્યા હતાં ?

(A) તેણે ડૉ. રાજેન્દ્ર પ્રસાદને ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટ્યા.

(B) તેણે રાષ્ટ્ર ધ્વજ અને રાષ્ટ્ર ગીતને અપનાવ્યું.

(C) તેણે ભારતની કોમનવેલ્થની સદસ્યતાને બહાલી આપી હતી.

(D) ઉપરોક્ત તમામ

054. ભારતના બંધારણ વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય નથી ?

(A) બંધારણમાં ફેડરેશન (સંઘીય) શબ્દનો ક્યાંય ઉલ્લેખ નથી.

(B) ભારતીય બંધારણ ‘કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા’ નહિ ‘કાયદાની યોગ્ય પ્રક્રિયાની જોગવાઈ’ કરે છે.

(C) ભારત એ કોઈ ચોક્કસ ધર્મને રાજ્યના સત્તાવાર ધર્મ તરીકે માન્યતા આપતો નથી.

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં.

055. આમુખમાં સુધારા અંગેની સંસદની સત્તા બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(A) કેશવાનંદ ભારતી કેસમાં, સર્વોચ્ચ અદાલતે ઘોષિત કર્યું કે સંસદ આમુખમાં સુધારા કરવાની સત્તા ધરાવે છે.

(B) સંસદની સુધારા કરવાની સત્તા ભારતીય બંધારણના મૂળભૂત લક્ષણોમાં પરિવર્તન કરી શકે નહિ.

(C) (A) તથા (B) બંને

(D) (A) અથવા (B) એક પણ નહીં

056. ભારતીય સંસદની સત્તા અંગે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. સંસદ કોઈપણ રાજ્યની બહારનો વિસ્તાર વધારી શકે છે પરંતુ કોઈપણ વિસ્તારમાં ઘટાડો કરી શકતી નથી.

2. સંસદ કોઈ રાજ્યની વિધાનસભાની મંજૂરીથી રાજ્યની સીમાઓ બદલી શકે છે.

3. સંસદ કોઈપણ રાજ્યનું નામ બદલી શકે છે.

(A) 1, 2 અને 3
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) માત્ર 3

**051.** **Which of the following statements is/are correct regarding the Government of India Act of 1935?**

**(A) This act abolished the Dyarchy system in the provinces and introduced the provincial autonomy**

**(B) The Act provided for the adoption of Dyarchy system at the center**

**(C) Both (A) and (B)**

**(D) Neither (A) nor (B)**

**052.** **Who among the following was not a member in the first cabinet of independent India?**

**(A) Dr. BR Ambedkar** **(B) Dr. Rajendra Prasad**

**(C) Dr. Sucheta Kripalani** **(D) Dr. Shyamaprasad Mukharjee**

**053.** **Apart from the making of the constitution, which of the following functions performed by the Constituent Assembly?**

**(A) It Elected Dr Rajendra Prasad as the first president of India**

**(B) It adopted the national Flag and National Anthem**

**(C) It ratified the India's membership of the commonwealth**

**(D) All of the above**

**054.** **Which of the following statements is/are INCORRECT regarding the Indian Constitution?**

**(A) The term Federation has nowhere been used in the constitution**

**(B) Indian Constitution provides for "Due process of law" not "Procedure Established by the Law"**

**(C) India does not uphold any particular religion as the official religion of the state**

**(D) None of the above**

**055.** **Which of the following statements is/are correct regarding the amendment power of the parliament related to preamble?**

**(A) In Keshavanand Bharati case, supreme court declared that the parliament have the power to amend the preamble.**

**(B) The amending power of parliament cannot alter the basic features of the Indian constitution.**

**(C) Both (A) and (B)**

**(D) Neither (A) nor (B)**

**056.** **Which of the following statements is/are correct regarding the powers of Indian parliament?**

**1. The parliament can increase the area off any states but cannot diminish the area of any state.**

**2. The parliament can alter the boundaries of the state, but with the approval of the state legislature.**

**3. The parliament can alter the name of the any state**

**(A) 1, 2 and 3** **(B) 2 and 3 only**

**(C) 1 and 3 only** **(D) 3 only**

057. ભારતના દેશી રાજ્યોના એકત્રીકરણ વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. હૈદરાબાદ પોલીસ કાર્યવાહી દ્વારા ભારત સાથે જોડાયું હતું.

2. જૂનાગઢ રાજ્યારોહણ (Accession) દ્વારા ભારતમાં જોડાયું હતું.

3. જમ્મુ અને કાશ્મીર રાજ્યારોહણ (Accession) દ્વારા ભારત સાથે જોડાયું હતું.

4. 552 રજવાડાઓ પૈકી 549 કોઈપણ જાતના સંઘર્ષ વિના ભારત સાથે જોડાયા હતા.

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 2, 3 અને 4
(C) માત્ર 1, 3 અને 4
(D) માત્ર 1 અને 4

058. ભારતના રાજ્યોની સ્થાપના વિશે નીચે આપેલી જોડીઓ પૈકી કઈ જોડી / જોડીઓ યોગ્ય રીતે જોડાયેલી છે ?

1. ગુજરાત – ભારતના 14મા રાજ્ય તરીકે સ્થાપના થઈ.

2. ગોવા, દમણ અને દીવ – 1962માં કેન્દ્ર શાસિત પ્રદેશ તરીકે રચના થઈ.

3. નાગાલૅન્ડ – ભારત સંઘનું 15મું રાજ્ય

4. છત્તીસગઢ, ઉત્તરાખંડ અને ઝારખંડ – ભારતના 25મા, 26મા અને 27મા રાજ્યો.

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 1, 2 અને 3
(C) માત્ર 2, 3 અને 4
(D) માત્ર 1, 2 અને 4

059. ભારતના નાગરિકત્વ વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(A) ભારતના બંધારણનો ભાગ II ભારતના નાગરિકત્વ સાથે સંબંધિત છે.

(B) ભારતમા જન્મથી નાગરિકતા મેળવેલ તથા કાયદેસર વિધિથી નાગરિકતાના હક મેળવેલ વ્યક્તિ રાષ્ટ્રપતિ બનવાની લાયકાત ધરાવે છે.

(C) (A) તથા (B) બંને

(D) (A) અથવા (B) એક પણ નહીં

060. મૂળભૂત હકો વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. મૂળભૂત હકો અબાધિત નથી પરંતુ શરતી છે.

2. તમામ મૂળભૂત હકો રાજ્યની યાદચ્છિક કાર્યવાહી સામે ઉપલબ્ધ છે.

3. આ હકો નીજી લોકો (private people)ની કાર્યવાહી વિરુધ્ધ ઉપલબ્ધ નથી.

(A) 1, 2 અને 3
(B) માત્ર 1 અને 3
(C) માત્ર 2 અને 3
(D) માત્ર 1 અને 2

061. ભારતીય બંધારણ દ્વારા પૂરી પાડવામાં આવેલી રિટ (Writ) વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. બંદી પ્રત્યક્ષીકરણ (Habeas Corpus) જાહેર સત્તાધિકારી અને નીજી વ્યક્તિઓને (Private individuals) જારી કરી શકાય છે.

2. પરમાદેશ (Mandamus) નીજી વ્યક્તિઓ (Private individuals) સામે જારી કરી શકાય નહીં.

3. પ્રતિબંધ (Prohibition)ની રીટ ફક્ત બિનન્યાયિક સંસ્થાઓને જારી કરી શકાય છે.

(A) 1, 2 અને 3
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 2
(D) માત્ર 1 અને 3

**057.** **Which of the following statements is/are correct regarding Integration of Princely states in India?**

**1. Hyderabad was integrated with India by Police action**

**2. Junagarh was integrated with India by Instrument of Accession**

**3. Jammu and Kashmir integrated with India by Instrument of Accession**

**4. Out of 552 princely states 549 have joined India without any clashes**

**(A) 1, 2, 3 and 4** **(B) 2, 3 and 4 only**

**(C) 1, 3 and 4 only** **(D) 1 and 4 only**

**058.** **Which of the following pairs is/are correctly matched regarding the establishment of the states in India?**

**1. Gujarat – established as $15^{th}$ State of India**

124. સંઘ પ્રદેશ જમ્મુ અને કાશ્મીરની સૌથી લાંબી પર્વતમાળા કઈ છે ?

(A) નાગ ટિબા પર્વતમાળા
(B) મહાભારત પર્વતમાળા
(C) પિર પાંજલ પર્વતમાળા
(D) ઝાસ્કર પર્વતમાળા

125. નીચેના પૈકી કયા ભૂકંપ તરંગો એ સૌથી વધુ વિનાશક હોય છે ?

(A) S-તરંગો
(B) P-તરંગો
(C) R-તરંગો
(D) L-તરંગો

126. કચ્છ જિલ્લા વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. ઈ.સ. પૂર્વે 142-124 દરમ્યા કચ્છ એ મનેન્દ્રના રાજ્યનો ભાગ હતો કે જે જમ્મુથી સૌરાષ્ટ્ર સુધી વિસ્તરેલું હતુ.

2. અલ-બરૂની એ કચ્છનો ઉલ્લેખ તેના વર્તમાન નામથી કર્યો હતો અને નોંધ્યુ છે કે સિંધુ નદીની એક શાખાએ કચ્છની સરહદે સિંધુ સાગરમાં વહે છે.

3. 1741માં લાખાજી રાવે તેના પિતાને કેદમાં રાખ્યા અને કચ્છના શાસક બન્યા રાવ દેસલજી 1860 સુધી શાસન પર ચાલુ રહ્યા.

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) 1, 2 અને 3

127. .......... યુગ એ પાષાણ યુગ સંસ્કૃતિમાં મધ્યવર્તી તબક્કાનું પ્રતિનિધિત્વ કરે છે.

(A) પ્રાચીન પાષાણ યુગ (Palaeolithic Age)
(B) મધ્ય પાષાણ યુગ (Mesolithic Age)
(C) નૂતન પાષાણ યુગ (Neolithic Age)
(D) તામ્ર પાષાણ યુગ (Chalcolithic Age)

128. પાષાણ યુગમાં પાળેલા પ્રાણીઓમાં સૌ પ્રથમ .......... હતું.

(A) કૂતરો, ઘોડો, બકરી
(B) ઘોડો, ઘેટું, બકરી
(C) કૂતરો, બકરી, ઘેટું
(D) ઘેટું, હાથી, કૂતરો

129. નીચેના પૈકી કયા સ્થળો એ પ્રારંભિક હડપ્પન તબક્કાના પૂરાતત્વીય સ્થળો છે ?

1. પાદરી, ગુજરાત 2. કાલીબાંગાન, રાજસ્થાન 3. ભિર રાણા, હરિયાણા

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) 1, 2 અને 3

130. ગુજરાતના નીચેના પૈકી કયા સ્થળોએ 1857ના વિપ્લવના સાક્ષી છે ?

1. ગોધરા 2. લુણાવાડા 3. પંચમહાલ

(A) 1, 2 અને 3
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) માત્ર 1 અને 2

123. Which among the following is one of the forces responsible for continental drift according to Wegner?

(A) Convection currents
(B) Tidal force
(C) Tensional force
(D) Compressional force

124. Which of the following is the longest mountain range of Jammu and Kashmir Union Territory?

(A) Nag Tiba range
(B) Mahabharat range
(C) Pir Panjal range
(D) Zaskar range

125. Which of the following earthquake waves are most destructive?

(A) S-waves
(B) P-waves
(C) R-waves
(D) L-waves

126. Which of the following statements is/are correct regarding KachchDistirct?

1. During 142-124 B.C. Kachchh was part of Manendra's kingdom which stretched from the Jammu to Saurashtra
2. Al-Baruni mentioned of Kachchh by its present name and notices that one branch of the Indus flows into the Sindh Sagar on the borders of Kachchh.
3. In 1741, Lakhaji Rao placed his father in confinement and assumed the ruler of Kachchh. Rao Desalji continued to rule till 1860.

(A) 1 and 2 only
(B) 2 and 3 only
(C) 1 and 3 only
(D) 1, 2 and 3

127. _______ age represents the intermediate stage in stone age culture.

(A) Palaeolithic Age
(B) Mesolithic Age
(C) Neolithic Age
(D) Chalcolithic Age

128. The first animals to be domesticated during stone age were _______.

(A) Dog, Horses, Goat
(B) Horses, Sheep, Goat
(C) Dogs, Goat, Sheep
(D) Sheep, Elephant, Dog

129. Which of the following sites are early Harappan phase archeological sites?

1. Padri, Gujarat 2. Kalibangan, Rajasthan 3. Bhirrana, Haryana

(A) 1 and 2 only
(B) 2 and 3 only
(C) 1 and 3 only
(D) 1, 2 and 3

130. Which of the following places of Gujarat witnessed the revolt of 1857?

1. Godhra 2. Lunawada 3. Panchmahals

(A) 1, 2 and 3
(B) 2 and 3 only
(C) 1 and 3 only
(D) 1 and 2 only

131. જૂનાગઢમાં આરઝી હકુમત (કામ ચલાઉ સરકાર)ના વડા પ્રધાન તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા હતા ?

(A) મોહબત ખાન
(B) રતુભાઈ અદાણી
(C) કનૈયાલાલ મુનશી
(D) શામળદાસ ગાંધી

132. પ્રાચીન ભારતમાં આક્રમણકારો વિશે નીચેના પૈકી કયો ક્રમ એ કાળક્રમાનુસાર સાચો છે ?

(A) ગ્રીક, શક, કુષાણ
(B) શક, ગ્રીક, કુષાણ
(C) ગ્રીક, કુષાણ, શક
(D) શક, કુષાણ, ગ્રીક

133. નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. કુમારપાળ એ ગુજરાતનો અશોક કહેવાય છે.

2. રૂદ્રમહાલય એ સૌપ્રથમ મૂળરાજ દ્વારા બંધાવવામાં આવ્યો હતો.

3. ગુજરાતના મોટા ભાગના સોલંકી શાસકો શૈવ ધર્મ અનુસરતા હતા.

4. પાટણ ખાતેની રાણ-કી-વાવ એ રાણી રૂપમતી એ બંધાવી હતી.

(A) માત્ર 1, 2 અને 3
(B) માત્ર 2 અને 4
(C) માત્ર 1 અને 3
(D) 1, 2, 3 અને 4

134. નીચેના પૈકી કઈ સંસ્થા / વર્તમાન પત્રો એ મહાત્મા ગાંધીના દક્ષિણ આફ્રિકા ખાતેના સંઘર્ષ સાથે સંકળાયેલા છે ?

1. ઈન્ડિયન નેટલ ઓર્ગેનાઈઝેશન

2. ઈન્ડિયન ઓપીનીયન

3. પેસીવ રેઝીસ્ટન્સ ઓર્ગેનાઈઝેશન

4. ઈ ઈન્ડિયન લીગ

5. ઈન્ડિયન મીરર

(A) માત્ર 1, 3 અને 5
(B) માત્ર 1, 2 અને 3
(C) માત્ર 2, 4 અને 5
(D) 1, 2, 3, 4 અને 5

135. પોર્ટુગીઝો એ 1537માં ગુજરાતના સૌરાષ્ટ્ર કિનારે .......... બંદર કબજે કર્યું હતું.

(A) દીવ
(B) ખંભાત
(C) રાંદેર
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

136. ગુપ્ત કાળ દરમ્યાન કયા વિશ્વવિદ્યાલયો વિકસ્યા હતા ?

1. તક્ષશિલા 2. વિક્રમશીલા 3. નાલંદા

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 3
(C) માત્ર 1 અને 3
(D) 1, 2 અને 3

131. **Who was appointed as the prime Minister of ArziHukumat (provisional government) in Junagadh?**

(A) Mohabat Khan (B) RatubhaiAdani

(C) KanaiyalalMunshi (D) Shamaldas Gandhi

132. **Which one of the following is the correct chronological order regarding to Invaders in ancient India?**

(A) Greeks-Sakas-Kushans (B) Sakas-Greeks-Kushans

(C) Greeks-Kushans-Sakas (D) Sakas-Kushans-Greeks

133. **Which of the following statements is/are correct?**

1. Kumarpala is called Ashoka of Gujarat

2. RudraMahalaya was first constructed by Mulraj

3. Most of the Solanki rulers of Gujarat were following shaivism

4. Rani-ki-Vav at Patan was constructed by Queen Rupmati

(A) 1, 2 and 3 only (B) 2 and 4 only

(C) 1 and 3 only (D) 1, 2, 3 and 4

134. **Which of the following organizations/newspapers is/are associated with Mahatma Gandhi's struggle in South Africa?**

1. Indian Natal Organization

2. Indian Opinion

3. Passive Resistance Organization

4. The Indian League

5. Indian Mirror

(A) 1, 3 and 5 only (B) 1, 2 and 3 only

(C) 2, 4 and 5 only (D) 1, 2, 3, 4 and 5

135. **The portugese seized _______ port of Gujarat on the Saurashtra coast in 1537.**

(A) Diu (B) Khambat

(C) Rander (D) None of the above

136. **Which of the following universities flourished during the Gupta period?**

1. Takshasila 2. Vikramasila 3. Nalanada

(A) 1 and 2 only (B) 3 only

(C) 1 and 3 only (D) 1, 2 and 3

137. નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. ભક્તિ અને સૂફી ચળવળો એ એકબીજાથી વિપરીત અને વિરોધી હતી.

2. બુલ્લેહ શાહ એ પંજાબી સૂફી કવિઓના રાજકુમાર હતા.

3. ગુજરાતએ ગૂઢવાદી (mystic) સંતો અથવા સુફીઓનું મહત્વનું કેન્દ્ર હતું.

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 1 અને 3
(C) માત્ર 2 અને 3
(D) 1, 2 અને 3

138. નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. 1723માં પિલાજી ગાયકવાડની આગેવાની હેઠળ મરાઠાઓ છેક સુરત સુધી ઘુસી ગયા હતા.

2. મરાઠાઓ એ 1723માં ગુજરાત પર નિયમિત ખંડણી વસૂલ કરી.

3. પિલાજી ગાયકવાડ દ્વારા મુઘલ રાજ્યપાલ સારબુલંદ ખાન હરાવાયો અને 1726માં બંદી બનાવાયો.

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 1 અને 3
(C) માત્ર 2 અને 3
(D) 1, 2 અને 3

139. ભારતમાં ચીની યાત્રાળુ હ્યુએન ત્સાંગ એ હર્ષને “Master of the five Indies” ગણાવ્યા. ચીની યાત્રી દ્વારા જે પાંચ Indies નો ઉલ્લેખ કરવામાં આવ્યો તેમાં શેનો સમાવેશ થાય છે ?

(A) બંગાળ, બિહાર, ઓરિસ્સા, ગુજરાત અને પંજાબ

(B) બંગાળ, ઓરિસ્સા, કાશ્મીર, નેપાળ અને કર્ણાટક

(C) બંગાળ, આસામ, માળવા, કનોજ અને વલ્લભી

(D) બંગાળ, આસામ, કાશ્મીર, કર્ણાટક અને ગુજરાત

140. ગુજરાતના નીચેના પૈકી કયા ચાલુક્ય રાજાએ મહંમદ ઘોરીને હરાવ્યો હતો ?

(A) મૂળરાજ બીજો
(B) ભીમ પહેલો
(C) સિદ્ધરાજ બીજો
(D) અજયપાળ

141. લઘુમતીઓના રક્ષણના મુદ્દાનો ઉકેલ લાવવા માટે નહેરૂ-લિયાકત કરાર પર .......... વર્ષમાં હસ્તાક્ષર થયા.

(A) 1947
(B) 1948
(C) 1949
(D) 1950

142. ગુજરાત પરના વિજય સાથે .......... દ્વારા ક્ષત્રપ રાજવંશનું સ્થાન ગુપ્ત રાજવંશ એ લીધું.

(A) ચંદ્રુપત વિક્રમાદિત્ય
(B) સ્કંદગુપ્ત
(C) ભટ્ટારક
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

143. બંધારણ સભાની કઈ સમિતિના અધ્યક્ષ સરદાર વલ્લભભાઈ પટેલ ન હતા ?

(A) મૂળભૂત હકોની સમિતિ
(B) વિદેશ બાબતોની સમિતિ
(C) રાજ્યો સાથે વાટાઘાટોની સમિતિ
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

137. **Which of the following statements is/are correct ?**

**1. The Bhakti and Sufi Movements were contradictory and opposed to each other.**

**2. Bulleh Shah was the prince of Punjabi Sufi poets.**

**3. Gujarat was an important centre of the mystic saints or Sufis.**

**(A) 1 and 2 only** **(B) 1 and 3 only**

**(C) 2 and 3 only** **(D) 1, 2 and 3**

138. **Which of the following statements is/are correct?**

**1. The Marathas under Pilaji Gaikwar penetrated as far as Surat in 1723.**

**2. The Marathas levied a regular tribute on Gujarat in 1723.**

**3. The Mughal governor Sarbuland Khan was defeated by Pilaji Gaikwad and Bande in 1726.**

**(A) 1 and 2 only** **(B) 1 and 3 only**

**(C) 2 and 3 only** **(D) 1, 2 and 3**

139. **Hieun Tsang the Chinese traveler in India called Harsha as the "Master of the Five Indies". The five indies mentioned by the Chinese traveler includes:**

**(A) Bengal, Bihar, Orissa, Gujarat and Punjab**

**(B) Bengal, Orissa, Kashmir, Nepal, Karnataka**

**(C) Bengal, Assam, Malwa, Kannauj, Valabhi**

**(D) Bengal, Assam, Kashmir, Karnataka, Gujarat**

140. **Which of the following Chaulukyan king of Gujarat defeated Muhammad Ghori?**

**(A) Mularaja II** **(B) Bhima I**

**(C) Siddhraj II** **(D) Ajayapala**

141. **The Nehru-Liaquat Pact to resolve the issue of protection of the minorities was signed in the year _______.**

**(A) 1947** **(B) 1948**

**(C) 1949** **(D) 1950**

142. **The Kshtrapa dynasty was replaced by Gupta reign with the conquest of Gujarat by _______.**

**(A) Chandragupta Vikramaditya** **(B) Skandagupta**

**(C) Bhattaraka** **(D) None of the above**

143. **Which of the following committees of Constituent Assembly were NOT headed by Sardar Vallbhbhai Patel?**

**(A) Committee on Fundamental Rights** **(B) Committee on Foreign Affairs**

**(C) Committee for negotiating with states** **(D) None of the above**

144. કોંગ્રેસના કયા સત્ર એ અસહકારની ચળવળને મંજુરી આપી ?

(A) 1897 - બનારસ (B) 1912 - મુંબઈ

(C) 1920 - કલકત્તા (D) 1929 - લાહોર

145. જ્યોતિબા ફૂલે વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. તેમણે બ્રાહ્મણવાદી ધાર્મિક સત્તાધિકાર સામે આજીવન ચળવળ ચલાવી.

2. તેમણે અખિલ ભારતીય અનુસૂચિત જાતિ ફેડરેશનની સ્થાપના કરી.

3. નિમ્ન જ્ઞાતિના વર્ગની બહેનો માટે અનેક શાળા શરૂ કરનાર તેઓ સૌ પ્રથમ હતા.

(A) માત્ર 2 અને 3 (B) માત્ર 1 અને 3

(C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3

146. નીચેના પૈકી કયા આદિજાતિ વિદ્રોહનું મુખ્ય કારણ એ માનવ બલિદાન ઉપરનો પ્રતિબંધ હતો ?

(A) સાંથલ વિદ્રોહ (B) રાંપા વિદ્રોહ

(C) ખોંડ વિદ્રોહ (D) મુંડા વિદ્રોહ

147. ગોદાવરી નદીના કિનારે સ્થિત મહાજનપદ .......... હતું.

(A) અસ્સાકા (Assaka) (B) વાટસા (Vatsa)

(C) માસદા (Masada) (D) કંબોજ (Kamboj)

148. નીચેના પૈકી કયા બ્રિટીશ ગવર્નર જનરલે કાયમી જમાબંદી દાખલ કરી ?

(A) વોરન હેસ્ટિંગ્સ (B) સર જોન શોર

(C) લોર્ડ મિન્ટો (D) લોર્ડ કોર્નવોલિસ

149. યાદી-I ને યાદી-II સાથે જોડો.

| યાદી-I (સ્થળ) | યાદી-II (બુદ્ધના જીવનની ઘટના) |
|---|---|
| 1. બોધગયા | a. જન્મસ્થળ |
| 2. કુશીનગર | b. કેવળજ્ઞાન |
| 3. લુંબિની | c. પ્રથમ ઉપદેશ |
| 4. સારનાથ | d. મૃત્યુ |

(A) 1 - b, 2 - d, 3 - a, 4 - c (B) 1 - b, 2 - c, 3 - a, 4 - d

(C) 1 - b, 2 - a, 3 - d, 4 - c (D) 1 - b, 2 - d, 3 - c, 4 - a

150. વર્નાક્યુલર પ્રેસ અધિનિયમ (કે જેણે સ્થાનિક ભાષાના પ્રેસ ઉપર સખત પ્રતિબંધો લાદયા) એ .......... દ્વારા લાગુ કરવામાં આવ્યો.

(A) લોર્ડ કેનીંગ (B) લોર્ડ લીટ્ટોન

(C) લોર્ડ રીપ્પન (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

144. Which of the following congress session approved the Non Cooperation Movement?

(A) 1897 – Banaras | (B) 1912 – Mumbai
(C) 1920 – Calcutta | (D) 1929 – Lahore

145. Which of the following statements is/are correct regarding Jyotiba Phule?

1. He led a lifelong movement against Brahmanical religious authority.

2. He organized All India scheduled Class Federation.

3. He was the first to open several schools for the girls of the lower caste.

(A) 2 and 3 only | (B) 1 and 3 only
(C) 1 and 2 only | (D) 1, 2 and 3

146. The major cause of which of the following tribal uprising was ban on human sacrifice?

(A) Santhal Uprising | (B) Rampa Uprising
(C) Khond uprising | (D) Munda uprising

147. Which of the following Mahajanapadas situated on the bank of river Godavari was _______?

(A) Assaka | (B) Vatsa
(C) Masada | (D) Kamboj

148. Who among the following British governor generals had introduced the permanent Revenue settlement?

(A) Warren Hastings | (B) Sir John Shore
(C) Lord Minto | (D) Lord Cornwallis

149. Match the following List-I with List –II

| List-I (Place) | List-II (event in the life of Buddha) |
|---|---|
| 1. Bodh Gaya | a. Birthplace |
| 2. Kusinagara | b. Enlightenment |
| 3. Lumbini | c. First Sermon |
| 4. Sarnath | d. Death |

(A) 1 - b, 2 - d, 3 - a, 4 - c | (B) 1 - b, 2 - c, 3 - a, 4 - d
(C) 1 - b, 2 - a, 3 - d, 4 - c | (D) 1 - b, 2 - d, 3 - c, 4 - a

150. The vernacular Press Act (which placed severe restrictions were placed on local languages press) was introduced by _______.

(A) Lord Canning | (B) Lord Lytton
(C) Lord Rippon | (D) None of the above

151. નીચેના પૈકી કયું વિધાન સત્ય છે ?

1. લકુલિશ સંપ્રદાય એ શૈવ પરંપરાનો એક ફાંટો હતો.

2. પાવાગઢ અને કાયાવરોહણ ખાતે લકુલિશ મંદિરો આવેલા છે.

3. લકુલિશ એ ગ્રામ દેવતાનું એક સ્વરૂપ છે.

(A) માત્ર 1, 2 અને 3
(B) માત્ર 1 અને 3
(C) માત્ર 2 અને 3
(D) માત્ર 1 અને 2

152. ઉદવાડા ખાતે સ્થિત આતશ બહેરામ અગ્નિ મંદિર તરીકે જાણીતું સ્થળ એ .......... ધર્મના લોકોનું પવિત્ર સ્થળ છે.

(A) ખ્રિસ્તી
(B) પારસી
(C) શીખ
(D) બૌદ્ધ

153. કચ્છના રણમાં આવેલો બન્ની ક્ષેત્રનો નાનો વિસ્તાર એ કળાત્મક .........નું કામકાજ કરે છે.

(A) બ્રાસ
(B) બ્લોક પ્રિન્ટીંગ
(C) ભરત ગૂંથણ
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

154. ગુજરાતના ટિપ્પણી નૃત્ય વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. ટિપ્પણી એ ભારતના ગુજરાતના સૌરાષ્ટ્રના ચોરવાડ અને વેરાવળ પ્રદેશમાંથી ઉદ્ભવેલા લોકનૃત્યનું સ્વરૂપ છે.

2. આ નૃત્ય માત્ર મહિલાઓ દ્વારા અભિનીત કરવામાં આવે છે.

3. ટિપ્પણીમાં સ્ત્રીઓ લોકગીતો સાથે બે સામસામી હારમાં જમીન પર પગ પછાડીને એકબીજાને પકડીને નૃત્ય કરે છે.

(A) માત્ર 1, 2 અને 3
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) માત્ર 1 અને 2

155. 1848 ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની શરૂઆત કોણે કરી ?

(A) એલેક્ઝાન્ડર ગ્રહામ બેલ
(B) એલેક્ઝાન્ડર ડુમસ
(C) એલેકઝાન્ડર કીન્લોચ ફોર્બ્સ
(D) એલેક્ઝાન્ડર બ્રાઉન

156. સૌરાષ્ટ્ર ક્ષેત્રનો 'માધવપુર મેળો'નો .......... ના તહેવાર દરમ્યાન પ્રારંભ થાય છે.

(A) રામનવમી
(B) ભાદરવી અમાસ
(C) નારીયેળી પૂનમ
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

157. સહસ્ત્રલિંગ ટાંકી અથવા સહસ્ત્રલિંગ તળાવ, મધ્યકાલીન કૃત્રિમ જળની ટાંકી એ .......... ખાતે સ્થિત છે.

(A) વલસાડ
(B) પાટણ
(C) સુરેન્દ્રનગર
(D) કચ્છ

158. નીચેના પૈકી કઈ લોક રંગભૂમિને UNESCO એ માનવતાની મૌખિક (oral) અને અમૂર્ત (intangible) હેરીટેજની શ્રેષ્ઠ કલાકૃતિ તરીકે સ્વીકૃત કરી છે ?

(A) ભવાઈ
(B) તમાશા
(C) યક્ષગાન
(D) કુટીયાટ્ટમ

151. Which of the following statements are CORRECT?

1. Lakulisha sect is an offshoot of shivism

2. Pavagadh and Kayavarohan are located with Lakulisha Temples

3. Lakulisha is a form of village deity

(A) 1, 2 and 3 only (B) 1 and 3 only

(C) 2 and 3 only (D) 1 and 2 only

152. _______ have their holy place, known as Atash Bahram fire temple in Udvada.

(A) Cristians (B) Parsis

(C) Sikhs (D) Buddhists

153. Banniregion is a small area in the Rann of Kutch for its artistic _______ work.

(A) Brass (B) Block printing

(C) Embroidery (D) None of the above

154. Which of the following statements is/are correct regarding the Tippani Dance of Gujarat?

1. Tippani is form of folk dance originated from the Chorwad and veraval region of Saurashtra in Gujarat, India.

2. The dance was performed exclusively by women.

3. The women holding Tippani dance while beating the floor in two opposite rows accompanied by folk songs.

(A) 1, 2 and 3 (B) 2 and 3 only

(C) 1 and 3 only (D) 1 and 2 only

155. The Gujarat Vernacular Society was started in 1848 by

(A) Alexander Graham Bell (B) Alexander Dumas

(C) Alexander Kinloch Forbes (D) Alexander Brown

156. The 'Madhavpur Mela' of Saurashtra region starts during the festival of _______.

(A) Ram navami (B) Bhadarvi Amas

(C) Nariyeli Poonam (D) None of the above

157. Sahasralinga Tank or SahasralingaTalav is a medieval artificial water tank is located in _______.

(A) Valsad (B) Patan

(C) Surendra Nagar (D) Kachch

158. Which folk theatre is recognized by UNESCO as a Masterpiece of the Oral and Intangible Heritage of Humanity?

(A) Bhavai (B) Tamasha

(C) Yakshgana (D) Kutiyattam

159. હિંદુ દેવીઓ / દેવોના બહુવિધ મસ્તિક અને ભૂજાઓના નિરમાણ વિશે નીચેના પૈકી કયું વિધાન સત્ય છે ?

(A) શિલ્પકારની પસંદગી

(B) દેવોના વાસ્તવિક શારીરિક સ્વરૂપ વિશે કોઈ જાણતું નથી

(C) તેઓ અનેક પ્રકારની શક્તિઓ ધરાવે છે તે દર્શાવવા માટે

(D) વિવિધ પ્રકારની ફરજો અને કાર્ય કરવા માટે

160. .......... દ્વારા રચિત મહાભાષ્ય એ સામાન્યતઃ ઈ.સ. પૂર્વે બીજી સદીની કૃતિ હોવાનું સુનિશ્ચિત કરવામાં આવ્યું છે ?

(A) પતંજલિ (B) કાલિદાસ

(C) ભરતૃહરિ (D) હળ

161. ગુજરાતની સૌપ્રથમ અંગ્રેજી માધ્યમની શાળા કોના દ્વારા શરૂ કરવામાં આવી ?

(A) સુરતમાં Reg. Glasgow

(B) અમદાવાદમાં પ્રો. એન્ડુ મિલર

(C) સુરતમાં દલપતરામ ભગાભાઈ

(D) રાજકોટમાં સર આલ્ફ્રેડ અને મહારાજા લખધીરસિંહજી

162. સિંધુ ખીણની સભ્યતા (Indus Valley Civlization (IVC)) વિશે નીચેના પૈકી કઈ જોડી / જોડીઓ યોગ્ય રીતે જોડાયેલી છે ?

1. હડપ્પા – IVCનું સૌથી મોટું સ્થળ

2. લોથલ – IVCનું માન્ચેસ્ટર

3. ધોલાવીરા – IVCનું અદ્યતન શહેર

(A) માત્ર 1 (B) માત્ર 1 અને 2

(C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3

163. નીચેના પૈકી કયા દેવતા એ ગાંધાર શૈલીની મુખ્ય લાક્ષણિક્તા હતી ?

(A) શિવ (B) કૃષ્ણ

(C) મહાવીર (D) બુદ્ધ

164. યાદીઓ જોડો.

| | |
|---|---|
| 1. ગોવર્ધનરામ મેધારામ ત્રિપાઠી | a. સરસ્વતી ચંદ્ર |
| 2. કે.એમ. મુનશી | b. વિશ્વમાનવ |
| 3. પન્નાલાલ પટેલ | c. માનવીની ભવાઈ |
| 4. જીતેશ ડોંગા | d. કૃષ્ણાવતાર |

(A) 1 - b, 2 - c, 3 - d, 4 - a (B) 1 - a, 2 - d, 3 - c, 4 - b

(C) 1 - c, 2 - b, 3 - a, 4 - d (D) 1 - a, 2 - d, 3 - b, 4 - c

159. Which of the following statement about the making of multiple heads and arms of Hindu deities/ Gods is true?

(A) Sculptor's choice

(B) None knows about the actual physical forms the Gods

(C) To show the many kinds of power attributed to them

(D) For performing various duties and tasks

160. Mahabhashya written by _______ is usually assigned to the second century BC.

(A) Patanjali (B) Kalidas

(C) Bhartrihari (D) Hala

161. The first English Medium School of Gujarat was started by?

(A) Rev. Glasgow in Surat

(B) Prof. Andrew Miller in Ahmedabad

(C) DalpatramBhagabhai in Surat

(D) Sir Alfred and Maharaja Lakhdhirsinhji in Rajkot

162. Which of the following pairs is/are correctly matched regarding Indus Valley Civilization (IVC)?

1. Harappa – Largest site of IVC

2. Lothal – Manchester of IVC

3. Dholavira – Latest city of IVC

(A) 1 only (B) 1 and 2 only

(C) 2 and 3 only (D) 1, 2 and 3

163. In Gandhara School of Art, which one of the following deities is a prominent feature.

(A) Shiva (B) Krishna

(C) Mahavira (D) Buddha

164. Match the Column:

| Author | Novel |
|---|---|
| 1. GoverdhanramMedharam Tripathi | a. Saraswatichandra |
| 2. K.M. Munshi | b. Vishwamanav |
| 3. Panalal Patel | c. Manvi Ni Bhavai |
| 4. Jitesh Donga | d. Krishravatara |

(A) 1 - b, 2 - c, 3 - d, 4 - a (B) 1 - a, 2 - d, 3 - c, 4 - b

(C) 1 - c, 2 - b, 3 - a, 4 - d (D) 1 - a, 2 - d, 3 - b, 4 - c

165. મથુરા કળા શૈલી દ્વારા વિપુલ સંખ્યામાં જૈન મૂર્તિઓનું નિર્માણ કરવામાં આવ્યું છે, જે .......... ખાતે જોવા મળે છે.

(A) કનકલી તિલા

(B) ભૂતેશ્વર

(C) સારનાથ

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

166. પ્રાગ વૈદિક આર્યોનો ધર્મ મુખ્યત્વે .......... હતો.

(A) મૂર્તિપૂજા અને યજ્ઞો

(B) પ્રકૃતિની પૂજા અને યજ્ઞો

(C) પ્રકૃતિની પૂજા અને ભક્તિ

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

167. કયા સમયગાળામાં ગુજરાતમાં સરાઈ સ્થાપત્યનો પ્રારંભ થયો હતો ?

(A) મધ્ય યુગ

(B) યુરોપીયન કાળ

(C) મુઘલ કાળ

(D) મરાઠા કાળ

168. નીચેના પૈકી કયું પ્રાણી એ ભારતનું રાષ્ટ્રીય હેરિટેજ પ્રાણી તરીકે ઘોષિત કરવામાં આવ્યું છે ?

(A) હાથી

(B) વાઘ

(C) સિંહ

(D) ગાય

169. નીચેના પૈકી કઈ જોડી / જોડીઓ યોગ્ય રીતે જોડાયેલી છે ?

1. અજરખા ચિત્રો – બ્લોક પ્રિન્ટેડ કાપડ

2. માતાની પછેડી – મહદઅંશે લાલ રંગનો ઉપયોગ થાય છે.

3. પાટણ પટોળા – સુંદર હાથશાળ સિલ્ક સાડીઓ

4. આરી ભરતકામ – ગુજરાત

(A) 1, 2, 3 અને 4

(B) માત્ર 2, 3 અને 4

(C) માત્ર 1, 2 અને 3

(D) માત્ર 1 અને 4

170. કલમકારી ચિત્રકામ એ .......... સાથે સંબંધિત છે.

(A) દક્ષિણ ભારતમાં હસ્ત ચિત્રીત કાપડ

(B) ઉત્તર પૂર્વ ભારતમાં વાંસની હસ્તકળા પર હાથથી બનાવેલ ચિત્ર

(C) ભારતના પશ્ચિમ હિમાલય વિસ્તારમાં બ્લોક ચિત્રીત ઉનનું કાપડ

(D) ઉત્તર પશ્ચિમ ભારતમાં હસ્ત ચિત્રીત સુશોભીત સીલ્કનું કાપડ

171. નીચેના પૈકી કઈ જોડી યોગ્ય રીતે જોડાયેલી નથી ?

(A) મૃચ્છકટિક – શુદ્રક

(B) માલવિકાગ્નિમિત્ર – કાલિદાસ

(C) મુદ્રારાક્ષસ – વિશાખદત્ત

(D) રત્નાવલિ – અશ્વઘોષ

172. તમાશા એ .......... રાજ્યની લોક રંગભૂમિ છે.

(A) મધ્ય પ્રદેશ

(B) ઉત્તર પ્રદેશ

(C) આંધ્ર પ્રદેશ

(D) મહારાષ્ટ્ર

165. **The Mathura school of art produced a large number of Jaina images, those were found at _______.**

(A) KankaliTila (B) Bhuteshvara

(C) Sarnath (D) None of the above

166. **The religion of early Vedic Aryans were primarily of _______.**

(A) Image worship and Yagnas (B) Worship of Nature and Yagnas

(C) Worship of nature and Bhakti (D) None of the above

167. **In which period the Sarai architecture has been started in Gujarat?**

(A) Middle Age (B) European Time

(C) Moughal Time (D) Maratha Time

168. **Which among the following has been declared as the National Heritage Animal of India?**

(A) Elephant (B) Tiger

(C) Lion (D) Cow

169. **Which of the following pairs is/are correctly matched?**

1. Ajrakha Paintings – Block Printed textile

2. Mata Ni Pachedi – Red is the main colour used

3. Patan Patola – Rich handloom silk sarees

4. Aari Embroidery – Gujarat

(A) 1, 2, 3 and 4 (B) 2, 3 and 4 only

(C) 1, 2 and 3 only (D) 1 and 4 only

170. **Kalamkari painting refers to _______.**

(A) A hand-painted cotton textile in South India

(B) A handmade drawing on bamboo handicrafts in North-East India

(C) A block-painted woollen cloth in Western Himalayan region of India

(D) A hand-painted decorative silk cloth in North-Western India

171. **Which of the following pairs is INCORRECTLY matched?**

(A) Mricchakatika – Sudraka (B) Malavikagnimitra – Kalidasa

(C) Mudrarakshasa – Visakhadatta (D) Ratnavali – Ashvaghosha

172. **Tamasha is the folk theatre of _______ State.**

(A) Madhya Pradesh (B) Uttar Pradesh

(C) Andhra Pradesh (D) Maharashtra

173. નીચેના પૈકી કોણ એ જૈનોના 24 તીર્થંકરોમાંના એક ન હતા ?

(A) અભિનંદના (Abhinandana)
(B) નામી (Nami)
(C) આનંદ (Ananda)
(D) નેમી (Nemi)

174. બૌદ્ધ ધર્મ વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

(A) બૌદ્ધ ધર્મનો હિનયાન સંપ્રદાય એ મૂર્તિપૂજામાં માનતો હતો.
(B) મહાયાન સંપ્રદાય એ મુક્તિનો બોધિસત્વ વિચારને અનુસરતો હતો.
(C) (A) તથા (B) બન્ને
(D) (A) અથવા (B) એક પણ નહીં

175. સામવેદ એ .......... માં લખાયેલ છે.

(A) સંસ્કૃત
(B) પાલી
(C) પ્રાકૃત
(D) અર્ધમાગધી

176. નીચેના પૈકી કઈ સૌથી નાની સંખ્યાને 1000માં ઉમેરવાથી તેનો સરવાળો 45 વડે નિઃશેષ ભાગી શકાય ?

(A) 25
(B) 15
(C) 35
(D) 45

177. ચાર ક્રમિક બેકી સંખ્યાઓ P, Q, R અને S નો સરવાળો 180 થાય છે. આ સંખ્યાઓ પછીની ચાર ક્રમિક બેકી સંખ્યાનો સરવાળો કેટલો થશે ?

(A) 196
(B) 212
(C) 204
(D) 214

178. સેન્ટીમીટરનો શતાંશ (one hundredth) જ્યારે કિલોમીટરના અપૂર્ણાંક સ્વરૂપે લખવામાં આવે, તો તે .......... થાય.

(A) 0.0000001
(B) 0.000001
(C) 0.0001
(D) 0.001

179. 12 પેનો અને 6 પેન્સિલોની કિંમત રૂા. 168 થાય છે. પેન્સિલની કિંમત એ પેનની કિંમતના એક તૃતીયાંશ જેટલી છે. તો 4 પેનો અને 5 પેન્સિલોની કિંમત કેટલી થાય ?

(A) 132
(B) 144
(C) 136
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

180. 42.5 મીટર લંબાઈ ધરાવતા સળીયામાંથી 85 સે.મી.ની લંબાઈ ધરાવતા કેટલા ટુકડા થઈ શકે ?

(A) 30
(B) 40
(C) 60
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

181. રામના બચત ખાતામાં રૂા. 1000 હતા. પૈસાની જરૂરીયાત ઉભી થતાં તે પ્રત્યેક મહિનાના પ્રથમ અઠવાડીયે રૂા. 500 નો ઉપાડ કરે છે. પરંતુ મહિનાના અંત સુધીમાં તે રૂા. 750 જમા કરાવે છે. તો કેટલા મહિના બાદ તેના ખાતામાં મૂળ રકમ ત્રણ ગણી થાય ?

(A) 3 મહિના
(B) 5 મહિના
(C) 8 મહિના
(D) 12 મહિના

173. **Who among the following was NOT among the 24 Tirthankaras in Jainism?**

**(A) Abhinandana** **(B) Nami**

**(C) Ananda** **(D) Nemi**

174. **Which of the following statements is/are correct regarding Buddhism?**

**(A) Hinayana sect believed in idol worship of Buddha.**

**(B) Mahayana sect followed the Bhodhisattva concept of salvation.**

**(C) Both (A) and (B)**

**(D) Neither (A) nor (B)**

175. **Sama Veda is written in _______.**

**(A) Sanskrit** **(B) Pali**

**(C) Prakrit** **(D) ArdhaMagadhi**

176. **Find the smallest number to be added to 1000 so that 45 divides the sum exactly?**

**(A) 25** **(B) 15**

**(C) 35** **(D) 45**

177. **The Sum of four consecutive even numbers P, Q, R and S is 180. What is the sum of the set of the next four consecutive even numbers?**

**(A) 196** **(B) 212**

**(C) 204** **(D) 214**

178. **One hundredth of centimeter when written in fractions of kilometer, is equal to _______.**

**(A) 0.0000001** **(B) 0.000001**

**(C) 0.0001** **(D) 0.001**

179. **The Cost of 12 pens and 6 pencils is INR 168, one third of the cost of the pen is equal to the cost of the pencil. What is the total cost of 4 pens and 5 pencils?**

**(A) 132** **(B) 144**

**(C) 136** **(D) None of the above**

180. **How many pieces of 85cm length can be cut from a rod 42.5 meters long?**

**(A) 30** **(B) 40**

**(C) 60** **(D) None of the above**

181. **Ram had INR 1000 in his savings bank account. Every month in the first week he needs money, so he withdraws INR500, but by the end of the month, he deposits INR750. After how many months, the original amount grow three times?**

**(A) 3 months** **(B) 5 months**

**(C) 8 months** **(D) 12 months**

182. એક પુરૂષ અને તેના પુત્રની ઉંમરના સરેરાશ 40 વર્ષ છે. તેમના ઉંમરનો ગુણોત્તર 11:05 છે. તો પુત્રની ઉંમર કેટલી હશે ?

(A) 15 વર્ષ (B) 20 વર્ષ

(C) 25 વર્ષ (D) 30 વર્ષ

183. એક વર્ગમાં 30 વિદ્યાર્થીઓની સરેરાશ ઉંમર 15 વર્ષ છે. જો આ વર્ગના 6 વિદ્યાર્થીઓની સરેરાશ ઉંમર 16 વર્ષ હોય, તો બાકીના 24 વિદ્યાર્થીઓની સરેરાશ ઉંમર .......... વર્ષ થાય.

(A) 14 વર્ષ 3 મહિના (B) 14 વર્ષ 9 મહિના

(C) 14 વર્ષ (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

184. એક મિનીટ અને 12 સેકન્ડ એ 1 કલાકના કેટલા પ્રતિશત થાય ?

(A) 2% (B) 5%

(C) 3% (D) 4%

185. 450 સફરજન પૈકી 30% સફરજન સડી ગયેલા છે. બાકીના સફરજનમાં 5% લીલા સફરજન છે. તો કેટલા સફરજન લીલા હશે ?

(A) 315 (B) 210

(C) 63 (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

186. જેટલા સમયમાં 'B' તથા 'C' અને સાથે મળીને એક દિવાલનું બાંધકામ કરી શકે તેટલા જ સમયમાં 'A' એકલો તે કામ કરી શકે છે. જો 'A' તથા 'B' બંને ભેગા થઈને તે કામ 25 દિવસોમાં કરી શકે અને 'C' એકલો 35 દિવસમાં કરી શકે તો 'B' એકલો તે કામ કેટલા દિવસમાં કરી શકે ?

(A) 90 દિવસ (B) 100 દિવસ

(C) 175 દિવસ (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

187. ત્રણ પાઈપો X Y અને Z થી એક ટાંકી 5 કલાકમાં ભરાઈ જાય છે. પાઈપ Z એ Y પાઈપથી બમણી ઝડપ ધરાવે છે. પાઈપ Y એ X પાઈપથી બમણી ઝડપ ધરાવે છે. તો માત્ર પાઈપ X થી આ ટાંકી ભરાતા કેટલો સમય લાગશે ?

(A) 20 કલાક (B) 25 કલાક

(C) 35 કલાક (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

188. એક મોટર કાર 70 કિ.મી. પ્રતિકલાકની ઝડપે ચાલુ થાય છે તથા તેની ઝડપ પ્રતિ બે કલાકે KMPH વધે છે. તો કેટલા કલાકમાં તે 345 કિ.મી.નું અંતર કાપશે ?

(A) 2 કલાક 15 મિનિટ (B) 4 કલાક 5 મિનિટ

(C) 4 કલાક 30 મિનિટ (D) 5 કલાક

189. બે વ્યક્તિઓ કોઈ નિયત સ્થાને પહોંચવા એક સાથે ચાલવાનું શરૂ કરે છે. પ્રથમ વ્યક્તિ 3 કિ.મી. પ્રતિ કલાક અને બીજી વ્યક્તિ 3.5 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ચાલે છે. બીજી વ્યક્તિ એ પ્રથમ વ્યક્તિ કરતાં અડધા કલાક પહેલાં નિયત સ્થાને પહોંજી જાય છે. તો તેમણે કાપેલું અંતર .......... હશે.

(A) 6 કિ.મી. (B) 7.5 કિ.મી.

(C) 9 કિ.મી. (D) 12 કિ.મી.

182. **The average age of a man and his son is 40 years, the ratio of their ages is 11:05 respectively, what is the age of the Son?**

**(A) 15 years** **(B) 20 years**

**(C) 25 years** **(D) 30 years**

183. **The average age of 30 students in a class is 15 years, if 6 students of this class have the average age of 16 years, then the average age of the remaining 24 students would be ________.**

**(A) 14 years 3 months** **(B) 14 years 9 months**

**(C) 14 years** **(D) None of the above**

184. **What percent is 1 minute and 12 seconds of an hour?**

**(A) 2%** **(B) 5%**

**(C) 3%** **(D) 4%**

185. **30% apples out of 450 are rotten. In remaining apples 5% are green apples. How many green apples are there?**

**(A) 315** **(B) 210**

**(C) 63** **(D) None of the above**

186. **A can build a wall in the same time in which B and C together can do it. If A and B together could do it in 25 days and C alone in 35 days, in what time could B alone do it?**

**(A) 90 days** **(B) 100 days**

**(C) 175 days** **(D) None of the above**

187. **A tank is filled in 5 hours by three pipes X, Y and Z. the pipe Z is twice as fast as Y and Y is twice as fast as X. how much time will pipe X alone take to fill the tank?**

**(A) 20 hours** **(B) 25 hours**

**(C) 35 hours** **(D) None of the above**

188. **A motor car starts with the speed of 70KM per hour with its speed increasing every two hours by KMPH. In how many hours it will cover the distance of 345KMs?**

**(A) 2 hours 15 mins** **(B) 4 hours 5 mins**

**(C) 4 hours 30 mins** **(D) 5 hours**

189. **Two men start together to walk to a certain destination. One at 3 KM per hour and another at 3.75Km per hour. The latter arrives half an hour before the former one. The distance is _______.**

**(A) 6 KMs** **(B) 7.5 KMs**

**(C) 9 KMs** **(D) 12 KMs**

190. એક કાર એક સેકન્ડમાં 20 મીટરનું અંતર કાપે છે. તો તેની ઝડપ કિ.મી. પ્રતિ કલાકમાં શોધો.

(A) 36
(B) 72
(C) 96
(D) 108

191. એક નૌકા એ પ્રવાહની દિશામાં એક કલાકમાં 8 કિ.મી.નું અંતર કાપે છે અને પ્રવાહની વિરૂદ્ધ દિશામાં એક કલાકમાં 2 કિ.મી.નું અંતર કાપે છે. તો પ્રવાહની ઝડપ કિ.મી. પ્રતિ કલાકમાં .......... હશે.

(A) 2
(B) 3
(C) 4
(D) 5

192. બે વિરૂદ્ધ દિશામાં ગતિ કરી રહેલી ટ્રેનો પ્લેટફોર્મ ઉપર ઉભેલી એક વ્યક્તિને અનુક્રમે 27 અને 17 સેકન્ડમાં પસાર કરે છે. તો બંને ટ્રેનો એક બીજાને 23 સેકન્ડમાં પસાર કરે છે. તેમની ઝડપનો ગુણોત્તર .......... છે.

(A) 1 : 3
(B) 3 : 2
(C) 3 : 4
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

193. રૂા. 1000 એ વાર્ષિક 5% સાદા વ્યાજના દરે રોકાણે મૂકેલા છે. જો પ્રત્યેક 10 વર્ષે વ્યાજ એ મુદ્દલમાં ઉમેરવામાં આવે તો .......... વર્ષ પછી વ્યાજ મુદ્દલ રૂા. 2000 થશે.

(A) 15 વર્ષ
(B) 16 વર્ષ
(C) 20 વર્ષ
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

194. સાદા વ્યાજે કોઈ ચોક્કસ રકમનું વ્યાજ મુદ્દલ 3 વર્ષ રૂા. 815 અને 4 વર્ષે રૂા. 854 થાય છે. તો તે રકમ .......... હશે.

(A) 698
(B) 650
(C) 715
(D) 730

195. 3 કલાક 40 મિનિટ (3:40) એ ઘડિયાળના કલાક અને મિનિટ કાંટો .......... નો ખૂણો બનાવશે.

(A) 120°
(B) 125°
(C) 130°
(D) 135°

196. 'PUNCTUAL' શબ્દના અક્ષરો વિવિધ કેટલા પ્રકારો પુનઃ ગોઠવી શકાય ?

(A) 64
(B) 960
(C) 20160
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

197. એક કુટુંબમાં પતિ અને પત્ની, તેના ત્રણ પુત્રો અને બે પુત્રીઓ, ત્રણ પુત્રોની પત્નીઓ છે. તો આ કુટુંબમાં કુલ કેટલી મહિલાઓ હશે ?

(A) 5
(B) 6
(C) 7
(D) 9

198. હિમા, તેના ઘરેથી દક્ષિણ દિશા તરફ 100 મી. દોડે છે ત્યાર બાદ ડાબી બાજુ વળી 250 મી. દોડે છે, ત્યાંથી પુનઃ ડાબી બાજુ વળી 400 મી. દોડે છે ત્યાર બાદ જમણી બાજુ વળી સ્ટેડીયમ પહોંચવા 50 મી. દોડે છે. તો તેના ઘરેથી સ્ટેડીયમ કઈ દિશામાં હશે ?

(A) દક્ષિણ પશ્ચિમ
(B) ઉત્તર પૂર્વ
(C) પૂર્વ
(D) આપેલ માહિતી સંપૂર્ણ નથી

**190.** **A car goes 20 meters in a second, find its speed in KMs per hour?**

(A) 36 | (B) 72
(C) 96 | (D) 108

**191.** **A boat goes 8Km in one hour along the stream and 2 km in one hour against the stream. The speed in KM per hour of the stream is _______.**

(A) 2 | (B) 3
(C) 4 | (D) 5

**192.** **Two trains running in opposite directions cross a man standing on the platform in 27 and 17 seconds respectively and they cross each other in 23 seconds. The ratio of their speed is _______.**

(A) 1:3 | (B) 3:2
(C) 3:4 | (D) None of the above

**193.** **INR 1000 is invested at 5% simple interest per annum. If the interest is added to the principle amount after every 10 years, the amount will become 2000 after _______.**

(A) 15 years | (B) 16 years
(C) 20 years | (D) None of the above

**194.** **A sum of money at simple interest amounts to 815 in 3 years and to 854 in 4 years, the sum is _______.**

(A) 698 | (B) 650
(C) 715 | (D) 730

**195.** **At 3:40, the hour and minute hand of a clock from an angle of _______.**

(A) 120° | (B) 125°
(C) 130° | (D) 135°

**196.** **In How many different ways can the letters of the word "PUNCTUAL" be arranged?**

(A) 64 | (B) 960
(C) 20160 | (D) None of the above

**197.** **A family consists of a husband and wife, their three sons and two daughters, three wives of three sons. How many females are there in this family?**

(A) 5 | (B) 6
(C) 7 | (D) 9

**198.** **Hima runs 100 Meters south from her house, turns left and runs 250M, again turns left and runs 400M, then turns right and runs 50 M to reach the stadium. In which direction is the stadium from her house?**

(A) South West | (B) Northeast
(C) East | (D) Information is not sufficient

199. બબીતા 5 મીટર પૂર્વ દિશા તરફ ચાલે છે અને ત્યાંથી ડાબી બાજુ વળી 6 મી. ચાલે છે, ત્યાંથી પુનઃ જમણી બાજુ વળી અને 9 મીટર ચાલે છે. તો તેણી તેના શરૂઆતના બિંદુથી કેટલી દૂર છે ?

(A) 26 મીટર
(B) 21 મીટર
(C) 14 મીટર
(D) 9 મીટર

200. કોઈ ચોક્કસ કોડમાં BIGB એ 2972 લખાય, ADO એ 146 લખાય છે. તેજ કોડમાં BINGO કેવી રીતે લખાય ?

(A) 29476
(B) 29176
(C) 29576
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

**199.** **Babita walks 5 Meters towards East and then turns left and walks 6m. again she turns right and walks 9m, finally she turns her right and walks 6M. How far is she from the starting point.**

**(A) 26M** | **(B) 21M**

**(C) 14M** | **(D) 9M**

**200.** **In A certain code BIGB is written as 2972, and ADO is written as 146. What should be the code for BINGO in the same code?**

**(A) 29476** | **(B) 29176**

**(C) 29576** | **(D) None of the above**